# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦-એ, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંકઃ૩૪૬/૨૦૨૫૨૬, એક્સ–રે આસિસ્ટન્ટ, વર્ગ–૩ અંગેની વિગતવાર સૂચનાઓ

**(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

**૧.** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર **દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના તબીબી શિક્ષણ અને સંશોધન પ્રભાગ હસ્તકના એક્સ–રે આસિસ્ટન્ટ, વર્ગ–૩ સંવર્ગની કુલ–૪૦ જગ્યાઓ** સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** વેબસાઇટ મારફત ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઇટ પર **તા.૦૧/૦૯/૨૦૨૫ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૧૫/૦૯/૨૦૨૫ (સમય રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી)** દરમિયાન ઓન–લાઇન અરજી કરવાની રહેશે.

**૨.** અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

**૩.** ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.

**૪.** ઓન–લાઇન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાં જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાનાં રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાનાં બધાં જ પ્રમાણપત્રો જેવાં કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કૅટેગરી (**SC/ST/SEBC/EWS**), દિવ્યાંગ (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતું હોય તો) તેમજ અન્ય લાયકાતનાં અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન–લાઇન અરજીમાં પોતાનાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી 'રદ' થવાપાત્ર બને છે. આથી, ઓનલાઇન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.

### ૫. જગ્યાની વિગતો :–

**સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા. શૈ. પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| ૪૦ | ૧૯ | ૦૩ | ૦૨ | ૦૬ | ૧૦ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૪ |

(૧) આ જાહેરાતમાં દર્શાવેલી જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલી હોઈ, જગ્યાઓમાં વધઘટ થઈ શકશે.

(૨) અનામત જગ્યાઓ મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક–સીઆરઆર/૧૦૯૬/૨૨/૧૩/ગ.૨(ભાગ–૧)ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગ્યાઓ રાખવામાં આવી છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ)ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૪) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ, ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી. આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી ઉમેદવારોએ મેળવેલા માર્કસ/**Normalized** માર્કસના મેરિટ્સને ધ્યાને લઈ કરવામાં આવે છે. તેથી, આવી જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) મંડળ દ્વારા એક્ષ–રે આસીસ્ટન્ટ, વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતીમાં દિવ્યાંગ અનામતની ઘટની કુલ–૦૪ જગ્યાઓ ખાસ ભરતી ઝુંબેશથી ભરવા અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આથી આ જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓનો સમાવેશ કરવામાં આવેલ નથી. દિવ્યાંગ ઉમેદવારો માટે જગ્યા અનામત ન હોઈ દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત સિવાયની જગ્યા પર દિવ્યાંગ ઉમેદવાર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે:

| સંવર્ગનું નામ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ ઍટેકનો ભોગ બનેલા અને નબળા સ્નાયુ | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (અ) થી (ડ) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
|---|---|---|---|---|---|
| | A | B | C | D | E |
| એક્ષ–રે આસીસ્ટન્ટ, વર્ગ–૩ | LV | D, HH | OL, LC, Dw, AAV, SD, SI (Without Neurological Dysfunction) | ASD (M), SLD, MI | MD involving (a) to (d) above) |

**LV** (Low Vision), **D** (Deaf), **HH** (Hard of Hearing), **OL** (One Leg), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victims), **SD** (Spinal Deformity), **SI** (Spinal Injury Without Neurological Dysfunction), **ASD** (Autism Spectrum Disorder Mild), **SLD** (Specific Learning Disability), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities involving (a) to (d) above)

## ૬. નાગરિકત્વ:-

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

## ૭. વયમર્યાદા:-

(૧) અરજી કરવાની છેલ્લી તારીખ **ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિં અને ૩૩** વર્ષથી વધુ ન હોવી જોઈએ;

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(૨) સામાન્ય વર્ગના મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો, માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર **વયમર્યાદામાં છૂટછાટ** મળવાપાત્ર છે.

| **કેટેગરી** | **છૂટછાટ** | **મહત્તમ વયમર્યાદા** |
|---|---|---|
| સામાન્ય કેટેગરીનાં મહિલા ઉમેદવારોને | **૫ વર્ષ** | |
| અનામત કેટેગરીનાં પુરુષ ઉમેદવારોને | **૫ વર્ષ** | |
| અનામત કેટેગરીનાં મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | **૧૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારોને | **૧૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં પુરુષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | **૧૫ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીનાં દિવ્યાંગતા ધરાવતાં મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | **૨૦ વર્ષ** | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. | |

## ૮. પગારધોરણ:-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬, તા.૨૯/૦૪/૨૦૧૦, તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ અને છેલ્લે તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૪)/ઝ.૧ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ **રૂ. ૨૬,૦૦૦ /-ના** ફિક્સ પગારથી નિમણૂક અપાશે તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૧૫/ ૩૧૨૯૧૧/ગ.૧ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવમાં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન, નિમાયેલા

ઉમેદવાર પાંચ વર્ષના અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં **સાતમાં પગાર પંચના રૂ.૧૯,૯૦૦/- થી રૂ.૬૩,૨૦૦/- (લેવલ-૨)** ના પગારધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબત નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલા **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

## ૯. શૈક્ષણિક લાયકાતની વિગતો:-

(b) possess-

I. have passed Higher Secondary School Certificate examination with Physics, Chemistry and English subjects conducted by the Secondary and Higher Secondary Education Board; and

II. possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification (General) Rules, 1967: and

III. possess adequate knowledge of Gujarati and/or Hindi or both.

**નોંધઃ-**

(૧) ઉપર દર્શાવેલ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલી શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ, આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ ઉક્ત જાહેરાત માટે અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

(૨) આ જાહેરાતની કોઈ પણ બાબતે અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

## ૧૦. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ઉમેદવારો માટેની સામાન્ય સૂચનાઓ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે.

(૨) અનુસૂચિત જાતિ વર્ગની જગ્યા અનામત ન હોઇ તેવા ઉમેદવારો બિન અનામત જગ્યા પર અરજી કરી શકશે. તેઓને ઉપલી વય મર્યાદામાં છૂટછાટ અને અનામત વર્ગો તરીકેના લાભો મળવાપાત્ર થશે નહીં.

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજી પત્રકમાં અચૂક દર્શાવવાની રહેશે.

(૪) અનામત વર્ગના અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમૂનામાં અને સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું હોવું જોઇશે.

(૫) અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે, તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં કે અન્ય કોઈ છૂટછાટ મળશે નહિ.

(૬) ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતી વખતે જાતિ (કૅટેગરી) અંગે જે વિગત દર્શાવેલી હશે તે અરજીપત્રક **Confirm** થયેથી જાતિ (કૅટેગરી)માં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૧૧. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો:-

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩/ ૨૦૨૩-૨૪/૨૦૨૪-૨૫ ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સસપ/ ૧૧૦૯/૧૬૬૩/અ થી રાજ્ય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ **તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૧૫/૦૯/૨૦૨૫** સુધીમાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઈઓને ધ્યાને લેતાં ઉક્ત ૧૧(૧)માં દર્શાવેલ પરિશિષ્ટ-૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે **તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તારીખ તા.૧૫/૦૯/૨૦૨૫** દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ **Annexure-A** મુજબના નમુનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબનું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (**SEBC**) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી "રદ" કરવામાં આવશે.

(૫) ઉમેદવારે ઉક્ત ૧૧(૧) અથવા ૧૧(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઈશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## ૧૨. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો:-

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/

જપ૯૦૩/અ ની જોગવાઈ થી નિયત થયેલ નમુના **Annexure-KH** (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી)ના નમૂનામાં **તા.૧૬/૦૯/૨૦૨૨ થી તા.૧૫/૦૯/૨૦૨૫** સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) ઉક્ત ૧૨(૧) માં જણાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની આવકના આધારે **તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી કરવાની છેલ્લી તા.૧૫/૦૯/૨૦૨૫** સુધીમાં ભારત સરકાર હેઠળના **EWS** અનામતના લાભ માટે **Income and Asset Certificate** મેળવેલું હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) ઉક્ત ૧૨(૧) અથવા ૧૨(૨) માં જણાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઈ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના જે ઉમેદવારો આ બંને પ્રમાણપત્રો પૈકી કોઈ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કૅટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) ઉમેદવારે ઉક્ત ૧૨(૧) અથવા ૧૨(૨) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

## ૧૩. દિવ્યાંગ ઉમેદવારો:–

(૧) દિવ્યાંગ વર્ગના ઉમેદવારે બિનઅનામત જગ્યા માટે અરજી કરી હશે ત્યારે તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.

(૨) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલી ન હોય, પરંતુ, જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલા હોય, તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે દિવ્યાંગ ઉમેદવારને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ.૨ થી નિયત થયેલા સુપરિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). દિવ્યાંગ ઉમેદવારોએ **Online** ફોર્મમાં **Personal Details**માં પોતાની દિવ્યાંગતાની ટકાવારી અને વિગત દર્શાવવાની રહેશે.

(૩) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: **GAD /PHA/e-file/1/2023/8017/G2**માં નિયત થયા મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** અમલી થતા બદલાતા સંજોગોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

## ૧૪. માજી સૈનિકઃ–

(૧) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલા ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા બિનઅનામત, આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૨) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌકાદળ/હવાઈદળ/ભૂમિદળની ઓછામાં ઓછા ૬ (છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૧૮ના જાહેરનામા ક્રમાંકઃ **GS/2018-(2)-–RES-1085/3433/G-2**ની જોગવાઈ મુજબ, ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલી ફરજનો સમયગાળો ઉપરાંત, ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: **GAD/ERE/e-file/1/2023 / 5258/G-2**થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીની જાહેરાતમાં ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ ઉમેદવારી નોંધાવી શકશે.

## ૧૫. વિધવા ઉમેદવારોઃ–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે કૉલમ સામે 'હા' અવશ્ય લખવું, અન્યથા 'લાગુ પડતું નથી એમ દર્શાવવું.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.રમાં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પરીક્ષામાં મેળવેલા કુલ ગુણ/ **Normalized** ગુણના મેરિટ્સના આધારે મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલાં ન હોવાં જોઈએ અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજૂ કરવાના રહેશે.

(નોંધઃ– ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઇ તબક્કે ઉમેદવાર પુનઃ લગ્ન કરેલાં ન હોવા અંગે તમામ પુરાવા અસલમાં રજૂ કરવા નિષ્ફળ રહેશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.)

(૩) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે 'વિધવા' ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિદ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે 'વિધવા' બને અને તે અંગે જરૂરી દસ્તાવેજ/પુરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને 'વિધવા મહિલા ઉમેદવાર' તરીકેના લાભ આપવામાં આવશે.

## ૧૬. માન્ય રમત ગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાતઃ–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ.૨ થી ઠરાવેલ જોગવાઈ અનુસાર ઍથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત),

બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વૉલીબૉલ, ટેનિસ, વેઈટલિફ્ટિંગ, રેસલિંગ, બોક્સિંગ, સાઈકલિંગ, જિમ્નેસ્ટિક્સ, જૂડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકૂદમાં (i) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (ii) આંતર યુનિવર્સિટી અથવા (iii) અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલું હોય, તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને **MCQ-OMR / MCQ- Computer Based Response Test (CBRT)** પરીક્ષામાં મેળવેલા ગુણ/ **Normalized** ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉક્ત ત્રણ પૈકીની કોઇ એક સ્પર્ધામાં ઉમેદવારોએ ભાગ લીધેલો હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. ઉક્ત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલો હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી, તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં. ઉક્ત ત્રણ સ્તર પૈકીની કોઇ એક સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલા ઉમેદવારોએ સરકારના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલું જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે.

(૨) ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના ૫ (પાંચ) ટકા ઉમેરી મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. જો કોઇ તબક્કે ઉમેદવાર માન્ય કક્ષાનું માન્ય રમતનું પ્રમાણપત્ર ન હોવાનું સ્થાપિત થશે તો તેઓને આપવામાં આવેલ ૫ (પાંચ) ટકા ગુણનો વધારો રદ કરીને મેરીટ પુનઃ નક્કી કરવામાં આવશે.

(૩) સરકારશ્રી દ્વારા નિયમિત ભરતીમાં છૂટછાટ મુકીને વર્ગ–૩ અને વર્ગ–૪ની જગ્યાઓ પર રમતવીરોને પસંદગી આપવા બાબતના વખતોવખતના સુધારા ઠરાવોની જોગવાઈઓ લાગુ પડશે.

## ૧૭. શૈક્ષણિક લાયકાત/ વયમર્યાદા/ અન્ય લાયકાત માટે નિર્ધારિત તારીખ:–

શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઉન્નત વર્ગોમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર (નોન ક્રીમીલેયર સર્ટિફિકેટ), આર્થિક રીતે નબળાવર્ગનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર અને અન્ય જરૂરી લાયકાત માટે **તા.૧૫/૦૯/૨૦૨૫** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## ૧૮. કોમ્પ્યૂટરની જાણકારી:–

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦/૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલા અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યૂટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું, કોઈ પણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યૂટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલા હોય તેવાં પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યૂટર એક વિષય તરીકે હોય તેવાં પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અથવા ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યૂટરના વિષય સાથે પાસ કરેલી હોય તેવાં પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. જો કે, આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂક સત્તાધિકારી સમક્ષ

કોમ્પ્યૂટરની બેઝિક નૉલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં તેમજ નિમણૂક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી "રદ" કરશે.

## ૧૯. અરજી કરવાની રીત:–

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો **તા.૦૧/૦૯/૨૦૨૫ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૧૫/૦૯/૨૦૨૫ (સમય ૨૩:૫૯ કલાક સુધી)** દરમિયાન **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન–લાઈન અરજીપત્રક ભરી શકશે. એક જ જાહેરાત અન્વયે એક કરતાં વધુ અરજી કરનાર ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. અરજી કરવા બાબતની વિગતવાર સૂચનાઓ નીચે મુજબ છે.

**ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે :–**

(૧) સૌપ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું.

(૨) ત્યારબાદ **"On line Application"** માં **Apply** પર **Click** કરવું અને **GSSSB** સિલેક્ટ કરવું.

(૩) ઉમેદવારે જાહેરાત ક્રમાંક:**૩૪૬/૨૦૨૫૨૬, એક્સ–રે આસિસ્ટન્ટ, વર્ગ–૩** સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માટે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરી **Apply** પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખૂલશે. જેમાં **More Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે **"Apply now"** પર **Click** કરવાથી નવી વિન્ડો ખૂલશે. જેમાં **"Skip"** પર ક્લિક કરવાથી **Application Format** ખૂલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (જ્યાં લાલ ફુદડી (*) ની નિશાની હોય ત્યાં માગ્યા મુજબની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

**નોંધ : One Time Registration (OTR)** ઉમેદવારને ઓનલાઈન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે **On line** અરજી કરેલ ગણાશે નહી.

(૫) **Personal Details** ભરાયા બાદ **"Educational Details"** ભરવાની રહેશે.

(૬) ત્યાર બાદ **"Assurance"** (બાંહેધરી) માં દર્શાવેલ શરતો સ્વીકારવા માટે **"Yes" Select** કરી **"save"** પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૭) હવે **"save"** પર **Click** કરવાથી **"Application Number" generate** થયેલ હશે જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે **Upload Photograph** પર **Click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યારબાદ **ok** પર **Click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. (**Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (**photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં (**15 kb**) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી **computer** માં સેવ કરેલા હોવા જોઈશે.) **photo** અને **signature** અપલોડ કરવા માટે **"browse" button** પર **Click** કરો. હવે **choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **jpg format** માં તમારો **photo store** થયેલ છે, તે ફાઈલને **select** કરો અને **"open" button** ને **Click** કરો. હવે **"browse" button** ની બાજુમાં **"upload" button** પર **Click** કરો. હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload**

કરવાની રહેશે. જે **photo** અને **signature** અપલોડ કરવામાં આવ્યા હશે તે જ **photo** લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ **signature** કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. **(અરજીમાં પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખથી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.)** આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો ફાળવણી/નિમણૂકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૯) હવે પેજના ઉપરના ભાગમાં **Online Application** ટેબમાં **"Confirm Application"** પર **Click** કરો અને **"Application number"** તથા **Birth Date type** કર્યા બાદ **Ok** પર **Click** કરવાથી ઉમેદવારની **Basic Details** અને **confirm application** દેખાશે. ઉમેદવારને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો **edit** કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહીં. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **Click** કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં **online** સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, દિવ્યાંગતા, વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઈને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. **confirm application** પર **click** કરતાં અહીં **"confirmation number" generate** થશે. આ **"confirmation number"** હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

(૧૦) હવે **print application** પર **Click** કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેક્ટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઈપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ ફરજિયાતપણે કાઢીને સાચવી રાખવી. નોંધાયેલ ઉમેદવાર અરજી કરવાની અંતિમ તારીખ સુધી **Online Application Form** ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર **Application Form** ડાઉનલોડ કરી શકશે નહીં.

(૧૧) ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી

કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

## ૨૦. પરીક્ષા ફી :–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલી જોગવાઈ મુજબ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી સીધી ભરતીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ | | |
|---|---|---|
| | **બિનઅનામત વર્ગ** | **અનામત વર્ગ (તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો)** |
| **પ્રાથમિક પરીક્ષા** | **રૂ.૫૦૦/–** | **રૂ.૪૦૦/–** |
| **The fees paid shall be refunded to those candidates who appear for the examination.**<br>**પરીક્ષામાં ઉપસ્થિત રહેલા ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે.** | | |

(૨) તમામ ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબની ફી ઓનલાઇન માધ્યમથી જ ભરવાની થાય છે. ઉમેદવારોએ **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમિટ કરી **confirmation number** મેળવ્યા બાદ, પરીક્ષા **ફી છેલ્લી તા.૧૮/૦૯/૨૦૨૫ (૨૩:૫૯ કલાક)** સુધીમાં ફરજિયાત ઓન–લાઈન ભરવાની રહેશે. ઓન–લાઈન માધ્યમથી ફી ભરવા માટે **OJAS** વેબસાઇટ પર **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કરવાથી **Online Payment** માટેના **Options** દેખાશે. જેમાં **Online Payment of Fees** પર **Click** કરવું. જેમાં ડેબિટ કાર્ડ **(Debit Card)**, ઇન્ટરનેટ બેંકિંગ **(Internet Banking)**, **UPI** અથવા વૉલેટ **(Wallets)** દ્વારા ભરવાની રહેશે. આ ચાર માધ્યમ પૈકીના કોઇ પણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રસીદ જનરેટ થશે, જેની પ્રિન્ટ મેળવી લેવાની સુચના મળશે. **Online Application** ટેબમાં **Print Application Form / Pay Fees** પર **Click** કર્યા બાદ **Online Payment Receipt** પર ક્લીક કરવાથી પણ રસીદની પ્રિન્ટ મેળવી શકાશે. ઓનલાઇન માધ્યમથી ફી ભરનાર ઉમેદવારે પરીક્ષા ફી ઉપરાંત નિયમોનુસાર ટ્રાન્ઝેક્શન ફી ભરવાની રહેશે. પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ બાદ ફી ભરવા માટેની લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ મંડળ દ્વારા **કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઈને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.**

**નોંધ: ઉમેદવારોએ ફી રસીદની પ્રિન્ટ અથવા ઇ–રસીદ ફરજિયાતપણે મેળવી લઈ સાચવવાની રહેશે. જો ફી રસીદ જનરેટ ન થાય તો અરજી માટેની ફી ભરાયેલ ગણાશે નહિ અને જ્યાં સુધી ફી ભરાયેલ નહિ હોય ત્યાં સુધી ઉમેદવારની અરજી માન્ય ગણાશે નહિ.**

(૩) પરીક્ષા માટેની ફી ઓનલાઇન માધ્યમ સિવાયના અન્ય કોઇ પણ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર ઉમેદવારોને તેઓએ જે માધ્યમથી પરીક્ષા ફી ભરેલ હશે તે માધ્યમથી પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.

(૫) પરીક્ષા ફી નહીં ભરતા ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજીફોર્મ કોઇ પણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા 'રદ' કરવામાં આવશે.

(૬) મંડળ દ્વારા અરજી રદ થયાના કિસ્સામાં પણ ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત મળવા પાત્ર (રિફંડ) રહેશે નહીં.

(૭) **આ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, ઓનલાઇન અરજી ભરવા તેમજ ફી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર: ૦૭૯– ૨૩૨૫૮૯૧૬ પર સંપર્ક કરી શકાશે.**

## ૨૧. પરીક્ષા પદ્ધતિ:–

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/ ૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલી પરીક્ષા પદ્ધતિ અનુસાર, પરીક્ષા એક તબક્કામાં હેતુલક્ષી **MCQ** (**Multiple Choice Question**) પ્રકારના પ્રશ્નોવાળી **CBRT / OMR** (**Computer Based Respose Test/ Optical Mark Recognisation**) પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા: **Part-A** અને **Part-B** એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

**Part – A**

| **ક્રમ** | **વિષય** | **ગુણ** |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા **Data Interpretation** | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

**Part – B**

| **ક્રમ** | **વિષય** | **ગુણ** |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૨) **Part-A** માં કુલ ૬૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે.

(૩) **Part-A** અને **Part-B** બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૪) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૫) પરીક્ષા પૂર્ણ થયેથી મંડળ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર કી સંબંધે ઉમેદવાર દ્વારા મળેલ વાંધાસૂચનો ધ્યાને લઈ ફાઇનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૬) ફાઇનલ આન્સર કી માં કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૭) ઉમેદવાર પ્રશ્નનો સાચો જવાબ આપશે તો તે પ્રશ્નને પ્રો–રેટા અનુસાર ફાળવેલ ગુણભાર મુજબ ગુણ આપવામાં આવશે, ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ જે ગુણભાર આપવામાં આવેલ હોય તેના ૧/૪ માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

## ૨૨. પરીક્ષાનું આયોજન :–

(૧) પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને મંડળ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારે પરીક્ષા આપવાની રહેશે.

(૨) પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી તથા પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મૂકવામાં આવશે.

(૩) ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

## ૨૩. દિવ્યાંગ ઉમેદવારોને લહિયા(Scribe)/વળતર સમય(Compensatory Time)ની સુવિધા આપવા બાબત :–

ભારત સરકારના **Ministry of Social Justice & Empowerment** ના **Department of Empowerment of persons with Disabilities(Divyangjan)** ના તા.૨૯/૦૮/૨૦૧૮ ના **Office Memorandum ક્રમાંક : F.No.34-02/2015-DD-III** મુજબ **The Rights of Persons with Disabilities Act, 2016** ની કલમ–૨(r) હેઠળ વ્યાખ્યાયિત કરાયેલ **Persons with Benchmark Disability** અને લેખન ક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને જો તેઓ ઈચ્છતા હોય તો, જે તે શરતોને આધીન લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૧) જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **Benchmark Disability** ધરાવતા અથવા આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા દિવ્યાંગ ઉમેદવારોને તેઓની રજુઆત પરત્વે લહિયા/વળતર સમયની સુવિધા આપવામાં આવશે.

(૨) દિવ્યાંગ ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે મંડળ દ્વારા પ્રસિદ્ધ થયેલ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવા અંગેની સૂચના પ્રસિદ્ધ થયેથી પ્રવેશપત્ર ડાઉનલોડ કરી મંડળની વેબસાઈટ ઉપર **ઉમેદવાર ઉપયોગિતાઓ** ટેબ ઉપર **Click** કરી **દિવ્યાંગ ઉમેદવારો માટે** ના સેકશનમાં જઈ અથવા https://gsssb.gujarat.gov.in/Home/ph ઉપર **Click** કરી **લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગેની સૂચનાઓ તથા નિયત નમુનાઓ** માં આપવામાં આવેલ લહિયા/વળતર સમયની સુવિધા માટેનું ફોર્મમાં જરૂરી વિગતો ભરી સૂચનામાં દર્શાવ્યા મુજબના જરૂરી પ્રમાણપત્રો સામેલ રાખી **અચૂકપણે પરીક્ષાના બે દિવસ અગાઉ સુધીમાં** મંડળના

ઈમેઈલ : **so-kh1-gsssb@gujarat.gov.in** ઉપર મેઈલ કરવાના રહેશે. ત્યારબાદ મળેલ અરજીઓ પર કોઈપણ સંજોગોમાં વિચારણા કરવામાં આવશે નહીં.

(૩) સંબંધિત જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય તેવા **LV (Low Vision), LC(Leprosy Cured), Locomotor disability** (**Both arm affected-BA**) **Benchmark disability** (૪૦% થી ઓછી ન હોય ત્યાં સુધીની વિકલાંગતા) ધરાવતા, લખવા માટે અસમર્થ હોય તેવા ઉમેદવારોએ દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે પરંતુ લખવા માટે અસમર્થ હોવા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહીં.

(૪) ઉપરોક્ત ૨૩(૩) માં દર્શાવેલ **Benchmark disability** સિવાયની અન્ય **Benchmark disability** ધરાવતા/ આકસ્મિક પરિસ્થિતિઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા ઉમેદવારોએ લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટે દિવ્યાંગતા પ્રમાણપત્ર ઉપરાંત **Appendix-I** (**Certificate regarding physical limitation in an examinee to write**) મુજબનું ઉમેદવારને લખવામાં તકલીફ હોવા અંગેનું મુખ્ય તબીબી અધિકારી/સિવિલ સર્જન/મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા આપવામાં આવતું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૫) **વળતર સમય (Compensatory Time) :** ઉપરોક્ત ૨૩(૧) માં વ્યાખ્યાયિત કર્યા મુજબના બેન્ચમાર્ક ડીસએબીલીટી ધરાવતા અને લેખનક્ષમતાની મર્યાદા ધરાવનાર ઉમેદવારને પરીક્ષામાં પ્રતિ કલાક માટે ૨૦ મીનીટ 'વળતર સમય' મળવાપાત્ર છે.

(૬) ઉમેદવાર દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે કરવામાં આવેલ અરજીની ચકાસણી બાદ મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગે નિર્ણય કરવામાં આવશે. મંડળ દ્વારા કરવામાં આવેલ નિર્ણયની જાણ ઉમેદવારને તેઓના ઈમેઈલ ઉપર કરવામાં આવશે તથા જે તે પરીક્ષા કેન્દ્ર સંચાલકને પણ જાણ કરવામાં આવશે.

(૭) ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે જરૂરી પ્રમાણપત્રો અસલમાં તથા મંડળ દ્વારા આપવામાં આવેલ મંજૂરીનો પત્ર ખરાઈ અર્થે પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારીને રજૂ કરવાના રહેશે.

(૮) મંડળ દ્વારા લહિયા/વળતર સમયની સુવિધા માટે આપવામાં આવેલ મંજૂરી સ્પર્ધાત્મક પરીક્ષાના દિવસે ઉમેદવાર દ્વારા રજૂ કરેલ અસલ પ્રમાણપત્રોની પરીક્ષા કેન્દ્ર સંચાલક અથવા મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવનાર ખરાઈને આધીન રહેશે.

## ૨૪. પરિણામની પ્રસિદ્ધિ :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ અનુસાર **Part-A** અને **Part-B** નું સ્વતંત્ર (અલાયદું) ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ તથા પત્રની જોગવાઈઓ અનુસાર સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% અને **Part-B** માટે લઘુત્તમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં તમામ કૅટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું લઘુત્તમ ગુણવત્તા ધોરણ કોઈપણ સંજોગોમાં રહેશે નહીં.

(૩) ત્યારબાદ પરીક્ષામાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું પ્રોવિઝનલ પરિણામ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

## ૨૫. પસંદગી યાદી અને પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ :-

(૧) મંડળ દ્વારા પ્રોવિઝનલ પરિણામ પ્રસિદ્ધ કર્યા બાદ પરીક્ષાના **Part-A** અને **Part-B** માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (**Qualifying Standard**) જાળવીને ઉમેદવારોએ મેળવેલ કુલ ગુણના મેરીટ્સ આધારે ભરવાની થતી કૅટેગરી મુજબની જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૨) પ્રોવિઝનલ મેરીટ યાદીના બે ગણા ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી બાદ પણ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની કૅટેગરી મુજબ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે જરૂરી સંખ્યાના ઉમેદવારો ન મળવાના સંજોગોમાં જરૂર મુજબના પ્રોવિઝનલ મેરીટ યાદી પરના ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૩) ત્યાર બાદ ઉમેદવારોએ મેળવેલા ગુણને ધ્યાને લઈને મેરીટ અનુસાર કૅટેગરી મુજબની જગ્યાઓ ધ્યાને લઈ પસંદગી યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦ /ગ.૨ ની જોગવાઈઓ ધ્યાને લઈ ઉમેદવારોએ ઉકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલા ગુણના મેરીટસ આધારે કૅટેગરી મુજબ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઈ પસંદગી યાદી અને લાગુ પડતા કિસ્સામાં પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## ૨૬. નિમણૂક:-

(૧) આ જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને મંડળ દ્વારા ભલામણ કરવામાં આવશે.

(૨) ઉમેદવારોને નિમણૂક માટે **Merit Number** ને ધ્યાનમાં રાખી વિચારણા કરવામાં આવશે. મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂક સમયે નિમણૂક સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂક આપવામાં આવશે.

(૩) પસંદગી પામેલા ઉમેદવાર, નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(૪) નિમણૂક પામેલા ઉમેદવારે સરકારના નિયમો મુજબની તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોઇ, આ અંગેનો કોઈ પત્રવ્યવહાર મંડળ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૨૭. અગત્યની સૂચનાઓ:-

(૧) ઉમેદવારે **Online** અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કૅટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક **Confirm** થયેથી જાતિ (કૅટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની કોઇ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી જો ઉમેદવારને અરજીપત્રકની કોઇ વિગતમાં ફેરફાર કરવો હોય તો તેઓએ અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં સાચી વિગત સાથે પુન: અરજી કરી **Confirmation Number** મેળવી તે **Confirmation Number** માટે નિયત ફી ભરવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે - તે તબકકે ''રદ'' ગણવામાં આવશે.

(૩) ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પૂરાવા રજુ કરવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણીના કાર્યક્રમની સમયમર્યાદામાં આ અંગેના આધાર/પૂરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે મંડળની કોઈ ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૪) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો **upload** કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત–સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.

(૫) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર અને ઇ–મેલ આઇ.ડી. દર્શાવે છે તે નંબર અને ઇ–મેલ આઇ.ડી. ચાલુ જ રાખવાં. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલા નંબરના મોબાઇલ પર **SMS** થી મોકલવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલા મોબાઇલ નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો, એ ઉમેદવારના હિતમાં છે.

(૬) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતાં હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ)(૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈ પણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા

ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૭) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા 'રદ' કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી/નિમણૂક, મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારુ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલા ભરતી નિયમોને આધીન રહેશે.

(૧૦) ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લીક થવા બાબતનો **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023** અધિનિયમ, માર્ચ-૨૦૨૩ થી અમલી કર્યો છે. સરકાર દ્વારા ઉક્ત અધિનિયમમાં '**Examination Authority**' તરીકે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનો પણ સમાવેશ કર્યો છે. આથી, મંડળ દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી, સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી, ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લિખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર **Gujarat Public Examination (Prevention of Unfair Means) Act, 2023**ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**૨૮.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલું રહેશે નહીં.

**તારીખ:- ૨૫/૦૮/૨૦૨૫** — **સચિવ**

**સ્થળ:- ગાંધીનગર** — **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**